# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25/02/2026** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **ગુજરાત વિધાનસભામાં આજથી અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા શરૂ થશે.**
2. **દેશના અર્થતંત્રમાં ગુજરાત અગ્રેસર- રાજ્યનો આર્થિક વૃદ્ધિ દર 7.4 ટકા નોંધાયો**
3. **ગુજરાત પોલીસે સોમનાથ ટ્રસ્ટના બનાવટી બુકિંગ મામલે રાજસ્થાનના છ શખ્સને ઝડપ્યા**
4. **રાજકોટના જંગલેશ્વરમાં અત્યાર સુધી એક હજાર 504 ગેરકાયદે બાંધકામો દૂર કરાયા**
5. **રાજ્યના અનેક જિલ્લામાં આજે કમોસમી વરસાદની આગાહી**
6. **ગીર સોમનાથ જિલ્લામાં આજે 35મી અખિલ ભારત વીર સાવરકર સમુદ્ર તરણ સ્પર્ધા યોજાશે.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# VIDHANSABHA TODAY

ગુજરાત વિધાનસભાની કાર્યવાહી આજે બપોરે 12 કલાકે પ્રશ્નોતરી કાળ સાથે શરૂ થશે. જેમાં ગૃહ , જેલ, રમતગમત અને યુવક સેવા , ઉદ્યોગ, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ, નાગરિક ઉડ્ડયન, આદિજાતિ વિકાસ, ખાદી કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગના પ્રશ્નો અને જવાબો રજૂ કરાશે.

આ ઉપરાંત આજથી અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા શરૂ થશે.

---

# GUJARAT GROWTH RATE

રાજ્યનો આર્થિક વૃદ્ધિ દર રાષ્ટ્રીય સરેરાશ કરતા પણ નોંધપાત્ર રીતે વધુ રહ્યો છે. દેશનો આર્થિક વૃદ્ધિદર સરેરાશ 6.5 ટકાથી વધુ છે ,જેની સામે ગુજરાતનો આર્થિક વૃદ્ધિ દર 7.4 ટકા નોંધાયો છે.

નાણા વિભાગ તરફથી પ્રાપ્ત થયેલી વિગતો મુજબ વર્ષ 2012-13 થી 2024-25 સુધીના 13 વર્ષના લાંબાગાળામાં ગુજરાતે સરેરાશ 8.3 ટકાનો વાસ્તવિક આર્થિક વૃદ્ધિ દર હાંસલ કર્યો છે.

આ ઉપરાંત રાજ્ય સરકારે વર્ષ 2026-27માં જાહેર દેવાનું પ્રમાણ માત્ર 14.65 ટકા જેટલું નીચું રાખવાનું આયોજન કરીને નાણાકીય વ્યવસ્થાપનનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂં પાડ્યું છે.

---

# SOMNATH BOOKING SCAM

ગુજરાત પોલીસે બનાવટી સોમનાથ ટ્રસ્ટ બુકિંગ મામલે રાજસ્થાનના છ શખ્સને ઝડપી લીધા છે. આરોપીઓ શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સંચાલિત ગેસ્ટ હાઉસમાં રહેવા માંગતા યાત્રાળુઓને લક્ષ્ય બનાવી સાયબર છેતરપિંડી કરતા હતા.

વધુ માહિતી આપતા સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સના પોલીસ અધિક્ષક ડૉ. રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું , આરોપીઓના બેંક ખાતાઓના વિશ્લેષણ અને ડિજિટલ ટ્રાન્ઝેક્શન રેકોર્ડની ચકાસણીથી દેશમાં 90થી વધુ સાયબર છેતરપિંડીની ફરિયાદો સામે આવી છે.

## બાઇટ : ડૉ. રાજદીપસિંહ ઝાલા, SP

---

# RAJKOT DEMOLITION

રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં દબાણ હટાવવાની ઝુંબેશમાં અત્યાર સુધી એક હજાર 504 ગેરકાયદે બાંધકામો દૂર કરવામાં આવ્યા છે.

મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર મહેશ જાનીએ જણાવ્યું હતું કે બાકીના પાંચ બાંધકામો આજે દૂર કરાશે. ઓળખાયેલા તમામ અતિક્રમણો દૂર કરવામાં આવશે.

તેમણે ઉમેર્યું, આજ સાંજ સુધીમાં બધો કાટમાળ પણ સાફ કરવામાં આવશે.

## બાઇટ : મહેશ જાની, નાયબ મ્યુનિસિપલ કમિશનર

---

# PORBANDAR PGVCL DRIVE

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ- **PGVCL** દ્વારા આજે પોરબંદરમાં મોટા પાયે વીજ જોડાણ કાપવાની ઝુંબેશ હાથ ધરાશે. સરકારી અને બિન સરકારી ગ્રાહકો મળી અંદાજે **40** કરોડ રૂપિયાનું વીજ બિલ બાકી હોવાથી **PGVCL**ની **410** ટીમ આ કામગીરીમાં જોડાઈ વીજ જોડાણ કાપશે.

**PGVCL**ના અધિક્ષક ઈજનેર સી.સી.ડામોરે જણાવ્યું , પોરબંદર ડિવિઝનમાં એક હજાર રૂપિયાથી વધુ બિલ બાકી હોય તેવા **17** હજાર **750** ગ્રાહકો છે.

---

# DANG UTSAV

ડાંગ જિલ્લાના આહવા ખાતે ડાંગ દરબાર મેળો આવતીકાલથી શરૂ થશે. આ મેળો ત્રીજી માર્ચ સુધી ચાલશે.

'ડાંગ દરબાર'ના આ ઐતિહાસિક લોકમેળામાં મુલાકાતીઓને એક જ સ્થળેથી 'પ્રાકૃતિક ડાંગ 'ની વિવિધ પેદાશો , સાથે હસ્તકલાની વિવિધ ચીજ વસ્તુઓ ખરીદવાનો લહાવો મળી રહે તે માટે **45**થી વધુ સ્થાનિક સખી મંડળના સ્ટોલ તથા બહારના **950**થી વધુ વેપારીઓને પ્લોટની ફાળવણી કરી દેવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી' અભિયાન તેમજ 'વોકલ ફોર લોકલ' તથા 'મહિલા સશક્તિકરણ'ના સંકલ્પને લઈને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ડાંગ જિલ્લાના જુદા જુદા ગામો ઉપરાંત પાડોશી તાપી જિલ્લામાંથી પણ જુદા જુદા મંડળો દ્વારા પણ તેમના ઉત્પાદનો અને સેવાઓના સ્ટોલ્સ ઊભા કરવામાં આવ્યા છે.

---

# AHWA ST SWACHHTA

ડાંગ જિલ્લા આહવા **S.T.** ડેપો મેનેજર દ્વારા મુસાફર જનતાંને બસ સ્ટેન્ડમાં સ્વચ્છતા જાળવી રાખવા અપીલ કરવામાં આવી છે. આવતીકાલથી શરૂથી રહેલા ડાંગ દરબાર મેળા માટે સ્થાનિક **S.T.** બસની સુવિધા ઊભી કરવામાં આવી છે.

**S.T.** બસમાં મુસાફરી કરતાં મુસાફરોને બસની અંદર કે બસ સ્ટેશનમાં ગંદકી નહીં કરવાની સૂચનો ઠેર ઠેર લગાડવામાં આવ્યા છે . આવા મુસાફરો અને ગંદકી કરનારા સામે એસટી તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવી રહ્યાં છે.

---

# ARVALLI SAKHIMANDAL

અરવલ્લી જિલ્લાના સાઠંબા તાલુકાના રામપુરાકંપા ગામની મહિલાઓએ પોતાની કલા-સૂઝ અને મહેનત દ્વારા આત્મનિર્ભરતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂં પાડ્યું છે.

જય ગાયત્રી સખી મંડળની બહેનો આજે પરંપરાગત હસ્તકલા અને આધુનિક ગૃહ સુશોભનની ચીજવસ્તુઓ બનાવીને આર્થિક રીતે સધ્ધર બની રહી છે. લિપણ કલાને આ બહેનોએ કેનવાસ અને લાકડાના બોર્ડ પર ઉતારીને તેને શહેરી ઘરોની શોભા બનાવી દીધી છે.

સખી મંડળમાં જોડાયા બાદ સારી આવક થતી હોવાનું સખી મંડળના સભ્ય સ્તુતિ પટેલે જણાવ્યું.

## બાઇટ : સ્તુતી પટેલ, સખી મંડળની બહેન

---

## TAPI NAMOTSAV

તાપી જિલ્લાના સોનગઢ ખાતે રાજ્યમંત્રી જયરામ ગામિતની ઉપસ્થિતિમાં  નમોત્સવ કાર્યક્રમ યોજાયો. જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની જીવનગાથા વર્ણવતો એક મેગા મલ્ટિમિડીયા શો લોક સાહિત્યકાર સાંઈરામ દવે તથા 100 જેટલા કલાકારો દ્વારા રજૂ કરાયો હતો.

આ અંગે શ્રી ગામિતે વધુ માહિતી આપી.

### બાઈટ - જયરામ ગામીત (રાજ્ય મંત્રી)

---

## WEATHER

રાજ્યના અનેક જિલ્લામાં આજે કમોસમી વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત અને તાપી જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. જ્યારે મોરબી અને જામનગર જિલ્લામાં હળવો વરસાદ પડી શકે છે.

હવામાનમાં આવેલા આ અચાનક પલટા પાછળ એક ટ્રફ સિસ્ટમ અને એક સાયક્લોનિક સર્ક્યુલેશન જવાબદાર હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ ક્ટર એ.કે. દાસે જણાવ્યું.

### બાઇટ : ડૉ.એ.કે. દાસ, નિયામક

---

# GIR SOMNATH SWIMMING

ગીર સોમનાથ જિલ્લામાં આજે **35**મી અખિલ ભારત વીર સાવરકર સમુદ્ર તરણ સ્પર્ધા યોજાશે. રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને ગીર સોમનાથ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા યોજાનારી આ સ્પર્ધામાં દેશ વિવિધ રાજ્યના ખેલાડીઓ ભાગ લેશે.

આ સ્પર્ધા અંતર્ગત ભાઈઓ માટેની સ્પર્ધા ચોરવાડથી વેરાવળ સુધી અને બહેનો માટેની સ્પર્ધા આદ્રી થી વેરાવળ વચ્ચે આદ્રી બંદર ખાતેથી શરૂ થશે.

---